# રાજકોટ મહાનગરપાલિકા

## પ્રાણીસંગ્રહાલય શાખા

## ઈ-ટેન્ડર નં.રા.મ.ન.પા./ઝૂ/૨૦૨૪-૨૫/૦૧

**રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે મજુર સપ્લાય કરવાના કામનો દ્વિવાર્ષિક કોન્ટ્રાકટ આપવાનું કામ**

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (પરત મળવાપાત્ર નથી) | રૂા.3,000/- |
| ૨ | અર્નેસ્ટમની ડીપોઝીટ | રૂા.૨,૮૦,૫૦૦/- |
| 3 | ઇ-ટેન્ડર ડાઉનલોડની કરવાની છેલ્લી તારીખ | તા.૦૪/૦૭/૨૦૨૪ ૧૬:૦૦ કલાક સુધી |
| ૪ | ઇ-ટેન્ડર ઓનલાઇન સબમીટ કરવાની છેલ્લી તારીખ | તા.૦૪/૦૭/૨૦૨૪ ૧૮:૦૦ કલાક સુધી |
| ૫ | ટેકનીકલ બીડ (ટેન્ડર ફી, અર્નેસ્ટમની તથા અન્ય કાગળો) મોકલવાની વિગત | સીલબંધ કવરમાં ફકત રજીસ્ટર એડી./ સ્પીડપોસ્ટ મારફત તા.૦૫/૦૭/૨૦૨૪ થી તા.૧૧/૦૭/૨૦૨૪ ૧૮:૦૦ કલાક સુધીમાં ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, રાજકોટ ઝૂલોજીકલ પાર્ક, માર્કેટીંગ યાર્ડની પાછળ, રાજકોટ-3૬૦૦૦3 ખાતે મોકલાવવાનું રહેશે. |
| ૬ | ઓનલાઇન ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા.૧૨/૦૭/૨૦૨૪ ૧૧:૦૦ કલાકે |
| ૭ | વેરીફીકેશન ઓફ ટેકનીકલ બીડ | તા.૧૨/૦૭/૨૦૨૪ ૧૦:30 કલાક સુધી |
| ૮ | ઓનલાઇન પ્રાઈઝબીડ ખોલવાની સંભવિત તારીખ | તા.૧3/૦૭/૨૦૨૪ ૧૧:૦૦ કલાકેથી |
| | વધુ જાણકારી માટે અમારો સંપર્ક કરો.<br>ડો.આર.કે.હિરપરા ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટ મો.૯૯૭૮૯ ૧૧૨૪૫ **www.rmc.gov.in** | |

**ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી,**
**રાજકોટ ઝૂલોજીકલ પાર્ક,**
**માર્કેટીંગ યાર્ડની પાછળ,**
**રાજકોટ.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેઈઝ નં. |
|---|---|---|
| ૧ | ઈ-ટેન્ડરની શરતો | ૦૩-૦૮ |
| ૨ | એનક્ષર – એ | ૦૯ |
| ૩ | બીડરની વિગત | ૧૦ |
| ૪ | અનુભવની વિગત | ૧૧ |
| ૫ | પ્રાઈઝબીડ | ૧૨ |

## રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે મજુર સપ્લાય કરવાના કામની અંગેની શરતો :

**સામાન્ય શરતો :-**

1) બીડરે ટેન્ડર ફી પેટે રૂા.૩૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર)નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

2) બીડરે અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે રૂા.૨,૮૦,૫૦૦/- (અંકે રૂપિયા બે લાખ એંસી હજાર પાંચસો)નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

3) ટેન્ડર ફી તથા અર્નેસ્ટમની ડીપોઝીટ ભર્યા વગરના ટેન્ડર ધ્યાન પર લેવામાં આવશે નહી તથા ટેન્ડર રદ ગણવામાં આવશે.

4) જે બીડરનું ટેન્ડર મંજુર થશે, તેમના અર્નેસ્ટમની ડીપોઝીટના નાણા અનામત પેટે રાખી બાકી બીડરના ટેન્ડર સાથે ભરેલ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ અર્નેસ્ટમની ડીપોઝીટની માંગણી કર્યા બાદ પરત કરવા કાર્યવાહી કરવામાં આવશે.

5) ભાવ મંજુર કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રી તથા સ્ટેન્ડીંગ કમિટી, રાજકોટ મહાનગરપાલિકાને મોકલવામાં આવશે. તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

6) ભાગીદારીમાં ટેન્ડર ભરનારે ભાગીદારીનું સર્ટીફીકેટ રજું કરવાનું રહેશે. જો તેઓનું ટેન્ડર મંજુર થાય તો ભાગીદારો અથવા કોઇ પણ એક ભાગીદારને કમિશનરશ્રી જવાબદાર ગણી શકશે તેમજ ટેન્ડરની શરતોનો ભંગ થયે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી શકાશે.

7) સગીરવયની વ્યકિતનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિં. શંકાસ્પદ કિસ્સામાં વ્યકિતનું ઉંમરનું પ્રમાણપત્ર માંગવામાં આવશે. જે રજુ કરવાનું રહેશે.

8) ભાવ મંજુર થયે બીડરે કુલ કીંમતના ૦૫% (પાંચ ટકા) મુજબ સિકયોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે. સિકયોરીટી ડીપોઝીટની રકમ રોકડેથી કે ચેકથી ભર્યેના કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકાની હિસાબી શાખામાં રકમ ભર્યા બદલની અસલ પહોંચ રજુ કરી રૂા.૩૦૦/-ના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે.

9) બિડર દ્વારા એફ..ડી.આર.ના કિસ્સામાં રાજકોટ ખાતેની નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકની રાજકોટ મહાનગરપાલિકા તથા બીડરના સંયુકત નામની એફ..ડી.આર. કઢાવી પાછળ રેવન્યુ સ્ટેમ્પ લગાડી તેના પર કોન્ટ્રાકટરશ્રીએ સહી કરી રાજકોટ ઝુલોજીકલ પાર્કમાં નિયત સમયમાં રજુ કરવાની રહેશે. ફિકસ ડીપોઝીટ રીસીપ્ટના માધ્યમથી ભરવાના કિસ્સામાં સિકયોરીટી ડીપોઝીટના ૪.૯૦% પ્રમાણેના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે. સ્ટેમ્પ અને નોંધણી વિભાગ દ્વારા સ્ટેમ્પ ડયુટીમાં ફેરફાર થશે તો તે આપો આપ બિડરને લાગુ પડશે.

10) બિડરે રાજકોટ મહાનગરપાલિકાની ફેવરમાં સિકયોરીટી ડીપોઝીટની રકમ ભરી કરારનામું દિન-૦૭માં કરી આપવાનું રહેશે. કરારનામાનો મુસદો રાજકોટ ઝુલોજીકલ પાર્કમાંથી મેળવી લેવાનો રહેશે.

11) બિડર નિયત સમયમાં કરારનામું કરવામાં નિષ્ફળ જશે તો બિડરની અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ રાજકોટ મહાનગરપાલિકા આ કોન્ટ્રાકટ કોઇ પણ અન્ય કોન્ટ્રાકટરને આપી શકશે.

12) સરકારશ્રી તરફથી નિયત કરવામાં આવેલ ઇન્કમટેક્ષ, જીએસટી, લેબર સેસ તેમજ અન્ય ટેક્ષની રકમ નિયમાનુસાર બીડરનાં બીલમાંથી કાપી લેવામાં આવશે.

13) બિડરે ટેન્ડરની વિગત ભરી ટેન્ડર સાથે સામેલ રાખવાની રહેશે.

14) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કોઇ પણ જાતનું કારણ દર્શાવ્યા સીવાય ટેન્ડર રદ કરી શકશે.

15) આ કરાર અંગે કોઇ વાદવિવાદ ઉપસ્થીત થશે તો, તે ફકત રાજકોટ જયુરીશડીકશનમાં ચાલી શકશે.

16) પ્રાઇઝબીડ ખોલ્યા બાદ ટેન્ડર ૧૨૦ દિવસ સુધી માન્ય રહેશે.

17) દર માસના અંતે બીલ રજુ કર્યા બાદ ચુકવણું કરવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. બીલની રકમ સીધી કોન્ટ્રાકટરશ્રીના ખાતામાં ECSથી જમા કરવામાં આવશે. બીડરે બેંક એકાઉન્ટની વિગત, પાનકાર્ડની વિગત તથા જીએસટીની વિગત (જો લાગુ પડતુ હોય તો) રજુ કરી રા.મ.ન.પાની હિસાબી શાખામાં વેન્ડર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

18) ઇજારાની કોઇ પણ એક શરતના ભંગ બદલ રૂા.૧૦૦૦/-(અંકે રૂપિયા એક હજારથી વધારે નહી તેટલો) દંડ જવાબદાર અધિકારી (નાયબ કમિશનરશ્રી) કરી શકશે. તે પ્રમાણેની રકમ બિડરે રાજકોટ મહાનગરપાલિકામાં ભરપાઇ કરવાની રહેશે.

19) ટેન્ડર સંબંધી કોઇ વાંધો હોય તો, બીડરે મ્યુનિસિપલ કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાને લેખિતમાં અરજી કરવાની રહેશે. આ બાબતે કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બીડરને બંધનકર્તા રહેશે.

20) બિડરનું કામ કોન્ટ્રાકટના સમયગાળા દરમિયાન સંતોષકારક જણાશે તો કોન્ટ્રાકટની મુદત પુરી થયા બાદ બિડર દ્વારા સીકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટેની માંગણી રજુ કર્યા બાદ સીકયોરીટી ડીપોઝીટ પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

21) આ કામ સંબંધે કોઇ શરતોમાં સમાવેશ થતો ન હોય અથવા સમયાનુસાર કે ચાલુ કામે કોઇ આવી શરતો બાબતે પ્રશ્ન ઉપસ્થીત થાય તો કમિશનરશ્રી, રા.મ.ન.પા.નો નિર્ણય અંતિમ રહેશે. તે કોન્ટ્રાકટરશ્રીને બંધનકર્તા રહેશે. સંજોગોવશાત જરૂરિયાત ઉપસ્થીત થાય તો કમિશ્નરશ્રી, રા.મ.ન.પા. આ કોન્ટ્રાકટ રદ કરી શકશે.

22) ટેકનીકલ બીડમાં જરુરી દસ્તાવેજી પુરાવાઓ, ટેન્ડર ફી અને અર્નેસ્ટમની ડીપોઝીટની ફી રજુ કરેલ હશે એ જ પાર્ટીઓની પ્રાઇઝ બીડ ખોલવામાં આવશે.

23) ટેન્ડરનું “ટેકનીકલ બીડ” સીલબંધ કવરમાં ફકત રજીસ્ટર એડીથી/સ્પીડપોસ્ટથી ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, રાજકોટ ઝૂલોજીકલ પાર્ક, માર્કેટીંગ યાર્ડની પાછળ, રાજકોટ.-૩૬૦૦૦૩ને નિયત સમય મર્યાદામાં પહોંચતુ કરવાનું રહેશે. કવર ઉપર **“રાજકોટ ઝૂ ખાતે મજુર સપ્લાય કરવાના ભાવ”** એ પ્રમાણે સ્પષ્ટ લખવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલ ટેકનીકલ બીડ માન્ય રહેશે નહીં.

24) ટેન્ડર ભરનારે ટેકનીકલ બીડમાં રજુ કરેલ તમામ દસ્તાવેજોની નકલો ફરજીયાતપણે નોટરાઇઝડ પ્રમાણીત કરી મોકલવાની રહેશે. નોટરાઇઝડ કરેલ નહીં હોય તેવા ટેન્ડર માન્ય રહેશે નહીં.

25) બીડરે ટેન્ડર સાથે રજુ કરેલ સંબંધીત તમામ દસ્તાવેજોની મૂળ નકલની ખરાઇ કર્યા બાદ જ તેઓના ટેન્ડરની પ્રાઇઝબીડ ખોલવામાં આવશે. બીડરે રજુ કરેલ કોઇ પણ દસ્તાવેજો ફ્રોડ રજુ કરી કામ મેળવવા માટે પ્રયાસ કર્યાનું સાબિત થશે, તેવા કિસ્સામાં એજન્સીને બ્લેકલીસ્ટ કરી, બીડર સામે ફોજદારી કાર્યવાહી કરવાના પગલા લેવામાં આવશે.

26) બિડરે બીડરની વિગત દર્શાવતા પત્રકમાં તમામ વિગત દર્શાવવાની રહેશે.

27) પ્રાઇઝબીડ ફકત ઇલેકટ્રીક ફોરમેટમાં ઓનલાઇન ભરવાનું રહેશે. પ્રાઇઝબીડની ફીઝીકલ ફોર્મમાં મોકલવાનું રહેશે નહીં.

ખાસ શરતો:-

1) પેઢી કે ભાગીદાર વતી સહી કરનારે તે જ પ્રમાણે કરવી. શરતોના દરેક પાને સહી કરવી. છેકછાકવાળુ ટેન્ડર રદ કરવામાં આવશે.

2) પ્રાઇઝબીડમાં દર્શાવેલ ભાવ સરકારશ્રીના પ્રવર્તમાન લઘુતમ વેતન મુજબના છે. જેના પર પી.એફ. તથા ઇ.એસ.આઇ. અલગથી ચુકવવામાં આવશે. બીડરે ઉકત ભાવ ઉપર વધુ %(ટકા) મુજબ ભાવ ભરવાના રહેશે. ઓછા % (ટકા) કે સરખા ભાવ ભરનારનું ટેન્ડર માન્ય રહેશે નહીં. આવેલ ભાવમાં પોઇન્ટ પછીના ૦૨ (બે) આંકડા જ માન્ય રહેશે. સંજોગોવસાત એજન્સીઓ દ્વારા એક સરખા ભાવ રજુ થયે કમિશનરશ્રી, રા.મ.ન.પા.નો નિર્ણય આખરી રહેશે અથવા એજન્સીઓ દ્વારા એક સરખા રજુ થયેલ ભાવના કિસ્સામાં ડ્રો દ્વારા નિર્ણય કરવામાં આવશે. જે બીડરને બંધનકર્તા રહેશે.

3) એજન્સીને જીએસટી ભરવાનો થશે તો, જીએસટીની રકમ અલગથી આપવામાં આપશે.

4) ઉકત કામ એક જ એજન્સીને સોંપવામાં આવશે જોઇન્ટ વેન્ચર માન્ય રહેશે નહીં.

5) ચાલુ કામે અન્ય આસામીઓની મિલ્કત અગર જાનમાલને કોઇ પણ નુકસાન થશે તેની તમામ જવાબદારી બીડરની રહેશે અને તે માટે કોઇ પણ વળતરની રકમ ચુકવવાની થાય તો બીડરે ભરી આપવાની રહેશે. બીડર અમલ ન કરે તો તેવા વળતર વગેરેની રકમ તેના બીલોમાંથી/ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે.

6) કોન્ટ્રાકટનું કામ કોન્ટ્રાકટના સમયગાળા દરમિયાન સંતોષકારક જણાશે તો કોન્ટ્રાકટની મુદત પુરી થયે કોન્ટ્રાકટર દ્વારા સીકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટેની માંગણી રજુ કર્યા બાદ સીકયોરીટી ડીપોઝીટ પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

7) ટેન્ડર ભરનાર એજન્સી સર્વિસ ટેક્ષ નંબર, પાન નંબર, ઇ.પી.એફ.નંબર, જી.એસ.ટી નંબર, પ્રોફેશનલ ટેક્ષ નંબર વગેરે ધરાવતી હોવી જોઇએ. વર્ક ઓર્ડર આપ્યાના એક માસમાં ચાલુ વર્ષની પ્રોફેશનલ ટેક્ષ ભર્યાની પહોંચ રાજકોટ ઝૂ ખાતે ફરજીયાત રજુ કરવાની રહેશે.

8) કોન્ટ્રાકટની મુદત દરમિયાન સરકારશ્રીના વખતોવખતનાં નિયમો મુજબ ભરવાનો પી.એફ., ઇ.એસ.આઇ.નો માલિક(નોકરીદાતા)નો ફાળો જે તે કોન્ટ્રાકટરશ્રીએ પ્રવર્તમાન ધોરણો અનુસાર લગત કચેરીમાં નિયમિતપણે જમા કરાવવાના રહેશે.

9) આ કામે દર માસના બીલ સાથે પી.એફ., ઇ.એસ.આઇ., જીએસટી (જો લાગુ પડે તો)ના ચલણોની પ્રમાણીત નકલો રજુ કરવાના રહેશે. તેમજ ચાલુ વર્ષના ભરેલ પ્રોફેશનલ ટેક્ષની પ્રમાણીત નકલો રજુ કરવાની રહેશે. શ્રમ આયુક્તની કચેરી દ્વારા વખતોવખત લાગુ પાડવામાં આવતા નિતી-નિયમો તથા કાયદાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

10) આ કામે મંજુર થયેલ ભાવની ઉપર પ્રવર્તમાન દર મુજબ જો સર્વિસ ટેક્ષ ચુકવવાનો થશે તો, સર્વિસ ટેક્ષની રકમ અલગથી ચુકવવામાં આવશે.

11) પી.એફ., ઇ.એસ.આઇ.નો માલિક(નોકરીદાતા)નો ફાળો તેમજ મીનીમમ વેઇજીસનાં ધોરણોમાં સરકારશ્રી દ્વારા જે કાંઇ પણ વખતોવખતના ધારાધોરણોમાં વધારો/ઘટાડો કરવામાં આવે તે મુજબ બીલની રકમમાં થતા તફાવતની રકમ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચુકવવામાં આવશે અથવા તફાવતની રકમ બીલમાંથી કપાત કરવામાં આવશે. એન્જસીએ વધારા/ઘટાડા મુજબ પી.એફ.નો ફાળો જમા કરાવવાનો રહેશે.

12) બિડરને સરકારશ્રીના જે તે સમયના લઘુતમ વેતન દર મુજબ રકમનું ચુકવણું કરવામાં આવશે. બિડરને ચુકવવામાં આવનાર રકમની ગણતરી નીચે મજુબ છે.

| | | |
|---|---|---|
| ૧. | પ્રતિ મજુર લઘુતમ વેતર દર | રૂા.૪૮૭.00 (હાલના) |
| ૨. | પી.એફ.૧૩.૦ % લેખે | રૂા. ૬૩.૩૧ |
| ૩. | ઇ.એસ.આઇ. ૩.૨૫ % લેખે | રૂા. ૧૫.૮૩ |
| ૪. | જીએસ.ટી (જો લાગુ પડે તો) | .............. |
| ૫. | કુલ ચુકવવા પાત્ર રકમ | રૂા.૫૬૬.૧૪ |

13) મજુર સપ્લાયના કામમાં રાજકોટ મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાને હાની પહોંચે કે અન્ય કોઇ ગેરરીતી કોન્ટ્રાકટર દ્વારા કે સપ્લાય કરવામાં આવેલ મજુર દ્વારા થતી જણાશે તો કોન્ટ્રાકટ કોઇ પણ કારણ દર્શાવ્યા વગર રદ કરવામાં આવશે.અને કોન્ટ્રાકટરને રાજકોટ મહાનગરપાલિકાના આ કામ માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

14) મજુર સપ્લાયની કામગીરી દરમિયાન મજુરને કોઇ પણ અકસ્માત, ઇજા કે મૃત્યુ થશે તો તેની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. તે માટે રાજકોટ મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.

15) કોન્ટ્રાક્ટરશ્રીએ સરકારશ્રીનાં મીનીમમ વેઝીસ એક્ટનું પાલન થાય તે મુજબ મજુરોનું વેતન દર તેમના બેંક ખાતામાં જ ચુકવવાનું રહેશે. તે ચુકવેલ રકમની ડિપોઝીટ પહોંચ/ચલણની નકલ રાજકોટ ઝૂ ખાતે જમા કરવવાની રહેશે. જે ટેન્ડરમાં ભાવ ભરતી વખતે ધ્યાને લેવાનું રહેશે.

16) કોન્ટ્રાક્ટરશ્રીએ દર માસના અંતે કામે રાખેલ દરેક મજુરોનો પ્રોફેશનલ ટેક્ષ લગત કચેરીએ ભરપાઇ કરવાનો રહેશે. જે તે માસની ભરેલ પ્રોફેશનલ ટેક્ષની પહોંચ ઝૂ ખાતે દરેક માસના બીલ સાથે રજુ કર્યા બાદ જે માસના બીલના ચુકવણાની અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

17) સપ્લાય ઓર્ડરમાં જણાવેલ તારીખથી મજુર સપ્લાય કરવાના રહેશે.

18) કામગીરીની જરૂરિયાત મુજબ મજુરની સંખ્યામાં વધ-ઘટ કરી શકાશે જે મુજબ કોન્ટ્રાકટરશ્રીએ મજુર સપ્લાય કરવાના રહેશે. હાલની પ્રતિદીન ૨૦ ગાર્ડન મજુરની દૈનિક જરૂરિયાત છે. તેમ છતા ગાર્ડન મજુરની વધારે જરૂરિયાત જણાયે પ્રતિદિન ૨૫ ગાર્ડન મજુર સુધી સપ્લાય કરવાના રહેશે.

19) કોન્ટ્રાકટરે નિયમિત અને પુરતી સંખ્યામાં મજુર સપ્લાય કરવાના રહેશે. મજુર સપ્લાય કરવામાં અનિયમિતતા અથવા અપુરતી સંખ્યામાં મજુર સપ્લાય કરવામાં આવશે તો હાલની જરૂરીયાત મુજબ ૧૮ મજુરથી ઓછા/જરૂરીયાત કરતા બે મજુરથી ઓછા પ્રત્યેક મજુરદીઠ પ્રતિદિન રૂા.૫૦/-ની પેનલ્ટી તરીકે બીલમાંથી કપાત કરવામાં આવશે.

20) જો પેનલ્ટીની રકમ ટેન્ડરની વાર્ષિક રકમના ૧૦% વધી જાય તો કોન્ટ્રાકટ રદ થવાને પાત્ર બનશે.

21) બીડરે મજુર સપ્લાયની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોઇ પણ કારણોસર બીડર મજુર સપ્લાય કરશે નહી તો બીડરે ભરેલ સીકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરી કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે અને કોન્ટ્રાકટરને રાજકોટ મહાનગરપાલિકાના આ કામ માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

22) કોન્ટ્રાકટર આ કોન્ટ્રાકટ અન્ય કોઇ કોન્ટ્રાકટરને પેટામાં આપી શકશે નહી અને જો પેટામાં કોન્ટ્રાકટ આપી દીધેલ માલુમ પડશે તો જરૂર જણાયે કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.

23) મજુરની કામગીરીની જરૂરીયાત ભવિષ્યમાં ન રહે રાજકોટ મહાનગરપાલિકા ગમે ત્યારે કોન્ટ્રાકટ બંધ કરી શકશે. જે બીડરને બંધનકર્તા રહેશે.

24) <u>આ કામગીરીનો કોન્ટ્રાકટનો સમયગાળો ૦૨(બે) વર્ષનો રહેશે. પ્રથમ વર્ષના સમયગાળામાં કોન્ટ્રાકટરની કામગીરી સંતોષકારક રીતે નહીં હોય તો બીજા વર્ષ માટે કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે તેમજ સંતોષકારક રીતે બે વર્ષ પુરા થયા બાદ નવો કોન્ટ્રાકટ આપવામાં કોઇ પણ કારણસર મોડુ થશે તો કોન્ટ્રાકટ વધુ ૦૩ માસ સુધી લંબાવી શકાશે. લંબાયેલ મુદત દરમિયાન મંજુર થયેલ ભાવ મુજબ જ કામગીરી કરવાની રહેશે.</u>

25) કોઇ પણ સરકારી કે અર્ધસરકારી સંસ્થા દ્વારા બ્લેકલીસ્ટ કે ટર્મીનેટ કરવામાં આવેલ કોઇ પણ એજન્સી કે પેઢી સદરહું ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઇ શકશે નહી. જો સદરહું ટેન્ડર પ્રક્રિયામાં બ્લેકલીસ્ટેડ કે ટર્મીનેટ એજન્સી દ્વારા ભાગ લીધાનું માલુમ પડશે તો તેનું ટેન્ડર માન્ય કરવામાં આવશે નહીં.

26) બીડરે ટેન્ડર સાથે <u>"એનેક્ષર-એ"</u>" નમુના મુજબનું રૂ.300/-ના નોન જ્યુડીસીઅલ સ્ટેમ્પ પેપર ઉપર એફીડેવીટ સામેલ રાખવાનું રહેશે. જો બિડર દ્વારા ઉક્ત એફીડેવીટ સામેલ રાખેલ નહીં હોય તો બીડરનું ટેન્ડર ધ્યાન પર લેવામાં આવશે નહી તથા ટેન્ડર રદ ગણવામાં આવશે.

27) એજન્સીએ પુરા પાડવાના થતા મજૂરોની ઉમર ૧૮ વર્ષ થી ઓછી ઉંમરના તથા ૬૦ વર્ષથી વધુ ઉંમરના આ કામગીરીમાં રાખી શકાશે નહીં. એજન્સીએ વર્ક ઓડરમાં દર્શાવેલ દૈનિક કુલ મજૂર સંખ્યામાં ૦૫ (પાંચ)થી વધુ મહિલા કામદારો રાખી શકાશે નહીં અને કામગીરીનો પ્રકાર ધ્યાને રાખી મહિલા-પુરુષ કામદારોની સંખ્યા નિયત કરવાની રહેશે.

28) એજન્સીએ મજુરોની દૈનિક કામગીરીના સુપરવિઝન માટે સ્વખર્ચે અલગથી ફરજીયાત દૈનીક સુપરવાઈઝરી સ્ટાફ રાખવાનો રહેશે. રાજકોટ મહાનગરપાલિકા આ સુપરવાઈઝરનો પગાર અલગથી ચૂકવશે નહીં.

29) સપ્લાય કરવામાં આવતા મજુરે નીચે મુજબની સુચના મુજબની કામગીરી કરવાની રહેશે

૧. બાવળ/થોળ/કાંટા/ઝાંખરા/ઘાસ નડતરરુપ/ઝાડ કાપી/ખોદી/વાઢી સાફ કરવાનું કામ
૨. બગીચા જાળવણી તથા નિભાવણીનું કામ
૩. વૃક્ષારોપણ, લોન, ફલાવર બેડનું વાવેતરનું કામ
૪. રોપા બનાવવાનું કામ
૫. રોપામાં તથા વૃક્ષારોપણમાં દેશી/રાસાયણીક ખાતર નાખવાનું કામ
૬. વૃક્ષારોપણ/લોન/સીટીંગ એરીયામાં જમીન લેવલીંગ તથા વૃક્ષારોપણ માટે ખાડા કરવાનુ કામ
૭. વૃક્ષારોપણને/ઝાડવાને પીયત કરવાનુ કામ
૮. વૃક્ષને તથા ગાર્ડનને ગેરૂ-ચુનો-કલર કરવાનું કામ
૯. રોકરીમાં પથ્થર ગોઠવવાનું કામ.
૧૦. બગીચાના વિસ્તારમાં, લોન તથા ઝાડવાના ખામણામાંથી ખડ દૂર કરવાનું કામ
૧૧. ઝાડવાને પૃનીંગ તથા ઝાડવાના ખામણા કરવાનું કામ
૧૨. જરૂરીયાત મુજબ ગાર્ડન/લોનમાં કાળી માટી નાખવાનું કામ
૧૩. જરૂરીયાત જમીન લેવલીંગ કરવાનું કામ
૧૪. પાર્કમાં પાણી ભરાઇ ન રહે તે માટે પાણી નિકાલની કામગીરી કરવાનું કામ
૧૫. નર્સરી માટે બેડ બનાવવા તથા વૃક્ષારોપણ માટે રબીસ દૂર કરવાનું
૧૬. વન્યપ્રાણી-પક્ષીના પાંજરાના નાઇટ સેલ્ટરની સફાઇની કામગીરી.
૧૭. કચેરી તરફથી અન્ય જે સુચના આપવામાં આવે તે કામગીરી.

લાયકાતની વિગત :-

1) બીડરે ટેન્ડર ફી પેટે રૂા.૩૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા)નો તથા અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે રૂા.૨,૮૦,૫૦૦/- (અંકે રૂપિયા બે લાખ એંશી હજાર પાંચસો પુરા)નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ **"રાજકોટ મહાનગરપાલિકા" (Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.
2) "ડી કલાસ" અથવા વધુનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.
3) બિડરે આ પ્રકારની કામગીરી એટલે કે મજુર સપ્લાય કરવા અંગેનો કોઇ પણ સરકારી, અર્ધસરકારી સંસ્થા, મહાનગરપાલિકા કે નગરપાલિકામાં છેલ્લા સાત નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા ૧૦ (દસ) મજુરો એક વર્ષ માટે ફૂલ ટાઇમ સંતોષકારક રીતે સપ્લાય કરેલ હોવાના અનુભવનું પ્રમાણપત્ર (સરકારશ્રીના નિયત નમુના મુજબનું <u>**FORM-3A** સર્ટીફીકેટ ફરજીયાત રજુ કરવું</u>) સામેલ રાખવાનું રહેશે. (પાર્ટ ટાઇમ, હાફ ટાઇમ કે અડધો દિવસ સપ્લાય કરેલ મજૂરનો અનુભવ માન્ય રાખવામાં આવશે નહીં.)
4) ટેન્ડર ભરનારે આ પ્રકારની કામગીરી એટલે કે મજુર સપ્લાય કરવા અંગેનો કોઇ પણ સરકારી તથા અર્ધસરકારી સંસ્થામાં છેલ્લા સાત નાણાકીય વર્ષમાં ટેન્ડરની કુલ રકમના ૫૦%નું એક કામ અથવા ટેન્ડરની કુલ રકમના ૪૦%ના બે કામ સંતોષકારક રીતે કરેલ હોવાના અનુભવનું પ્રમાણપત્ર (સરકારશ્રીના નિયત નમુના મુજબનું <u>**FORM-3A** સર્ટીફીકેટ ફરજીયાત રજુ કરવું</u>) ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે.
5) ટેન્ડર ભરનારે ઓછામાં ઓછા રૂા.૧૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બાર લાખ)ની બેંક સોલવંશી સામેલ રાખવાની રહેશે. જે એક વર્ષથી જુની હોવી જોઇએ નહીં.
6) ટેન્ડર ભરનારે છેલ્લા સાત નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછુ રૂા.૪૬,૭૫,૦૦૦/- (અંકે રૂપિયા છેતાલીસ લાખ પંચોતેર હજાર)નું એવરેજ વાર્ષિક ટર્નઓવરનું પ્રમાણપત્ર ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે. અથવા સી.એ.નું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.
7) બીડરે પી.એફ. કોડ સર્ટીફીકેટ રજું કરવાનું રહેશે.
8) બીડરે ઈ.એસ.આઈ. સર્ટીફીકેટ રજું કરવાનું રહેશે.
9) બીડરે પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રજું કરવાનું રહેશે.
10) બિડર ટેન્ડરીંગનાં સમયે ભારતભરમાં ક્યાંય બ્લેક લીસ્ટ ન થયેલ હોવા જોઈએ. બીડરે ટેન્ડર સાથે <u>""એનેક્ષર-એ""</u> નમુના મુજબનું બ્લેક લીસ્ટ ન થયાનું રૂા.૩૦૦/-ના નોન-જ્યુડીસીઅલ સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ્ડ બાંહેધરી ટેકનીકલ બીડમાં સામેલ રાખવાની રહેશે. જો બીડર દ્વારા ઉકત એફીડેવીટ સામેલ રાખેલ નહી હોય તો બીડરનું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી તથા ટેન્ડર રદ ગણવામાં આવશે.

નાયબ કમિશનર (પુ.ઝો.)
રાજકોટ મહાનગરપાલિકા

# “એનેક્ષર-એ”

(રૂ. 300/- ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરાવવાનો નમુનો)

## <u>સોગંદનામું</u>

અમો શ્રી________________________________________________હોદો ______________________ ઉંમર/વર્ષ: ________, ધંધો/સંસ્થા: _____________________________________________ , રહેણાંકનું સરનામું __________________________________________________________________________________છે. હું મારા ધર્મ ના સોંગદ ઉપર જાહેર કરૂ છુ કે

(1) હું સંસ્થા :_________________________________________માં હોદો: __________________________તરીકે છું, અને હું આ સંસ્થા વતી સોગંદનામું કરવા માટે અધિકૃત / સક્ષમ છું.

(2) અમો રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રસીધ્ધ કરવામા આવેલ ટેન્ડર આઈડી નં. _____________ કામનું નામ: _______________________________________________________________________ માં ભાગ લેવા માંગીએ છીએ તથા ટેન્ડર ભરેલ છે.

(3) અમોએ ટેન્ડરની બધી શરતો વાંચી અને સમજી લીધી છે અને તે અમો / અમોની સંસ્થા / પેઢીને સ્વિકાર્ય છે

(4) અમો પ્રમાણીત કરી સોગંદનામું કરી આપીએ છીએ કે સમગ્ર દેશમાં કોઇપણ સરકારી / અર્ધ સરકારી / સરકારની સ્વાયત સંસ્થા દ્વારા અમોએ કરાર કરેલ હોય તેવા કોઇપણ કામ માટે અમો / અમોની પેઢી / સંસ્થાને કોઇપણ કામના ટેન્ડરમાં ભાગ લેવા માટે બ્લેક લીસ્ટ કરવામાં આવેલ નથી કે કોઇપણ કામો કરવા માટે પ્રતીબંધ લગાવવામાં આવેલ નથી.

(5) અમોએ રજુ કરેલ તમામ વિગતો સાચી અને ખરી છે. જે હું સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરું છું. અમો એ પણ જાણીએ છીએ કે ખોટુ સોગંદનામું કરવુ કે ખોટું નિવેદન આપવું એ ગુનાહિત કૃત્ય છે.

તારીખ:...........................

સ્થળ:............................

(અરજદારની સહી)

# બીડરની વિગત

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ | બીડરનું નામ | |
| | ૨ | સરનામું | |
| | ૩ | ટેલીફોન નંબર તથા મોબાઇલ નં. | |
| | | | |
| ૨ | | રા.મ.ન.પા.એ કોન્ટ્રાકટ માટે જેની સાથે સંપર્ક કરવાનો થાય તેની માહિતી | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | ૩ | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઇલ નં. | |
| | ૫ | ફેકસ નંબર | |
| | | | |
| ૩ | | કોન્ટ્રાકટમાં સહી કરનારની વિગત | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | ૩ | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઇલ નં. | |
| | ૫ | ફેકસ નંબર | |

# રાજકોટ મહાનગરપાલિકા
# પ્રાણીસંગ્રહાલય શાખા

## -:: બીડરના અનુભવની વિગત ::-

અમો બિડરશ્રી ..................................................................................................................... રહેવાસી ...................... નીચે મુજબ મજુર સપ્લાય કામનો અનુભવ ધરાવીએ છીએ. જેની વિગત નીચે મજુબ છે.

| ક્રમ | મજુર સપ્લાય કરેલ સ્થળ તથા સરનામુ | સમય | નોંધ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

ઉપરોકત અનુભવના આધાર તરીકે ટેન્ડર સાથે અગાઉની કામગીરીના અનુભવના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ આ સાથે સામેલ છે.



બીડરની સહી

# રાજકોટ મહાનગરપાલિકા
# પ્રાણીસંગ્રહાલય શાખા

## -:: પ્રાઇઝબીડ ::-

(ફકત ઓનલાઇન ઇલેકટ્રીક ફોરમેટમાં ભરવાનું રહેશે.)

| ક્રમ | વિગત | પ્રતિ બીનકુશળ મજુરના પ્રતિ દિવસના બેઝરેટના ભાવ રૂા. (રા.મ.ન.પા./ મહેકમ/૧૧૩, તા.૧૫/૦૪/૨૦૨૩૪ મુજબ) | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | રાજકોટ ઝુલોજીલ પાર્ક ખાતે મજુર સપ્લાય કરવાની કામગીરી | રૂા.૪૮૭.૦૦<br>(અંકે રૂપિયા ચારસો સત્યાસી પુરા) | ફક્ત ઓનલાઇન<br>% (ટકા) ફક્ત વધુ ભાવ ભરવાના રહેશે. |

નોંધ :-

ઉપરોક્ત ભાવ ઉપરાંત સરકારશ્રીના પ્રવર્તમાન લઘુતમ વેતન દર ઉપર પી.એફ. ૧૩.૦૦%, ઇ.એસ.આઇ. ૩.૨૫% તથા જી.એસ.ટી (જો લાગુ પડે તો) અલગથી વધારામાં ચુકવવામાં આવશે.

નાયબ કમિશનર (પુ.ઝો.)
રાજકોટ મહાનગરપાલિકા